Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

ગુરૂવાર, તા.૧૮ એપ્રિલ, ૨૦૨૪

18/4/2024 * VOL : 44 * N0. 214 સંવત- ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૦

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad **Editor :** Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

આજનો સુવિચાર

એક દિવસ તમારું કર્મ પાછુ વળીને તમને મળવા આવશે જ અને એ વાતનો તમને ગર્વ હોવો જોઈએ ડર નહીં

ગલ્ફના દેશો અને પાકિસ્તાનમાં મેઘતાંડવ : ૬૯નાં મોત

ઓમાનમાં 3 દિવસના વરસાદમાં ૧૮નાં મોત, ૧૦ શાળાનાં બાળકોનો સમાવેશ, બહેરીનમાં ભારે વરસાદ, મનામામાં પૂર, દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૪૫ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી, પાકિસ્તાનમાં સૌથી વધુ જાનહાનિ

(એજન્સી)દુબઈ,

દુબઈ, ઓમાન સહિતના ગલ્ફ દેશોમાં અને પાકિસ્તાનમાં મેઘતાંડવથી ૬૯ વ્યક્તિનાં મોત નિપજ્યા છે. જ્યારે કેટલાંક ગામો સંપર્કવિહોણા બન્યાં છે. ફસાયેલાં નાગરિકોને બચાવવાની કામગીરી ચાલી રહી છે. રાત-દિવસ ધમધમતા દુબઈ એરપોર્ટમાં પાણી ઘુસી ગયાં છે. પરિણામે ૪૫થી વધુ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. ઓમાન અને પાકિસ્તાનમાં વધુ જાનહાનિ થઈ છે અને હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવતાં તંત્ર વધુ એલર્ટ થયું છે.

છેલ્લા ૨ દિવસથી ખરાબ હવામાનને કારણે પાકિસ્તાન અને ગલ્ફ દેશોમાં પૂર જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. પાકિસ્તાન, ઓમાન અને યુએઈમાં અત્યાર સુધીમાં ૬૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં ભારે વરસાદને કારણે પાકિસ્તાનમાં ઈમર્જન્સી લાદવામાં આવી છે. ત્યાં અત્યારસુધીમાં ૫૦ લોકોનાં મોત થયાં છે.

એ જ સમયે દુબઈમાં ખરાબ હવામાનને કારણે ભારતથી ૨૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એમાં ભારત આવતી ૧૩ ફ્લાઈટ્સ અને ભારતથી દુબઈ જતી ૧૫ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. પાકિસ્તાની અખબાર ડૉન અનુસાર, પાકિસ્તાનના તમામ પ્રાંતોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ત્યાં ૩૨ લોકો ગંભીર રીતે ઘાયલ છે. ખરાબ હવામાનની સૌથી ખરાબ અસર ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં જોવા મળી રહી છે.

સંયુક્ત આરબ અમીરાતના અબુધાબી, દુબઈ અને અલ આઈન જેવાં શહેરોમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે. ત્યાં આખા વર્ષનો વરસાદ ૨ દિવસમાં પડી ગયો. મંગળવારે રોડ, રેલવે અને ફ્લાઈટને અસર થઈ હતી. આ શહેરોમાં ઓફિસો અને શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. લોકોને ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યું છે.

ખલીજ ટાઈમ્સે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટને ટાંકીને લોકોને કહ્યું હતું કે જ્યાં સુધી એકદમ જરૂરી ન હોય ત્યાં સુધી એરપોર્ટ પર ન આવે. ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને ઘણી ફ્લાઈટ ડાઈવર્ટ કરવામાં આવી છે. દુબઈ એરપોર્ટ પરથી મુસાફરી કરનારાઓ માટે ચેક-ઈન પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી છે.

બહેરીન, કતાર અને સાઉદી અરેબિયામાં ભારે વરસાદને કારણે પણ સ્થિતિ ખરાબ છે. ઓમાનમાં ભારે વરસાદને કારણે ૧૮ લોકોનાં મોત થયાં છે.

વરસાદના કારણે વિશ્વના સૌથી વ્યસ્ત દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિમાનોની અવરજવર બંધ થઈ ગઈ છે. દુબઈ એરપોર્ટના પ્રવક્તાએ ગલ્ફ ન્યૂઝને જણાવ્યું હતું કે મંગળવારે ૪૫ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ૩ ફ્લાઈટને અન્ય એરપોર્ટ પર ડાઈવર્ટ કરવામાં આવી હતી.

મસ્કત સહિત દેશના ઘણા વિસ્તારોમાં સ્થિતિ વધુ ખરાબ છે. અહીં ત્રણ દિવસમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે પવન અને ભારે વરસાદના કારણે ૧૮ લોકોનાં મોત થયાં છે, જેમાં ૧૦ સ્કૂલનાં બાળકો પણ સામેલ છે, જેઓ બસમાં મુસાફરી કરી રહ્યાં હતાં. અચાનક પૂરના પાણીને કારણે બસ ધોવાઈ ગઈ હતી.

ગલ્ફના દેશોમાં બદલાયેલાં હવામાન માટે ગ્લોબલ વોર્મિંગ જવાબદાર છે. દુબઈમાં કૃત્રિમ વરસાદ પાડવામાં આવતો હતો પરંતુ છેલ્લા બે વર્ષથી દુબઈ સહિતના ગલ્ફ દેશોમાં ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. જેના પગલે હવે સ્થાનિક પ્રશાસન તંત્રએ વરસાદી પાણીના નિકાલ માટેની સિસ્ટમ ડેવલોપ કરવી પડે તેમ છે. દુબઈમાં રસ્તાઓ ઉપર નદીઓ વહેતીી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ભારત-પાકિસ્તાનને તણાવ ઘટાડવા અને વાતચીત દ્વારા ઉકેલની યુએસની વિનંતી

(એજન્સી)નવી દિલ્હી,

ભારત અને પાકિસ્તાનના સંબંધોને લઈને અમેરિકા તરફથી એક નિવેદન સામે આવ્યું છે. હવે પીએમ નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહના કથિત નિવેદન પર અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે. રાષ્ટ્રપતિ જો બિડેનના વહીવટીતંત્રે કહ્યું કે યુએસ આ મુદ્દામાં હસ્તક્ષેપ કરશે નહીં, જોકે તેણે ભારત અને પાકિસ્તાનને તણાવ ઘટાડવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવા વિનંતી કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે પત્રકારો સાથે વાત કરતા આ વાત કહી. તેમને આતંકવાદીઓને ખતમ કરવા માટે અન્ય દેશોમાં ભારતના કથિત ઓપરેશન વિશે પૂછવામાં આવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યા, ન્યૂયોર્કમાં પન્નુની હત્યાનું કાવતરું અને પાકિસ્તાનમાં થયેલી હત્યાઓના સંદર્ભમાં મોદી અને સિંહના નિવેદનોને કબૂલાત તરીકે જોઈ શકાય છે.

ગૂગલ ઓફિસમાંથી ૯ કર્મચારીઓની ધરપકડ થઇ

(એજન્સી)નવીદિલ્હી,

ગૂગલના કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે ગુગલ ઓફિસમાં ઘૂસીને પરિસરમાં વિરોધ કરી રહેલા કર્મચારીઓની ધરપકડ કરી હતી. ગૂગલના કર્મચારીઓ કંપનીના ન્યૂયોર્ક કેમ્પસમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે કંપની ઈઝરાયેલના સમર્થનમાં કામ કરી રહી છે. આવી સ્થિતિમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની અસર કેટલી વ્યાપક રીતે ફેલાઈ રહી છે તે જોઈ શકાય છે. ગૂગલ કંપનીમાં વિરોધ કરી રહેલા ૯ કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી છે. તાજેતરમાંઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું છે. આ અંગે બંને પક્ષના લોકો પોતપોતાના સ્તરેથી લોકોને સમર્થન આપી રહ્યા છે. હાલમાં ગૂગલના કર્મચારીઓનો આરોપ છે કે કંપની ઈઝરાયેલને સપોર્ટ કરી રહી છે. કર્મચારીઓનું કહેવું છે કે યુદ્ધ દરમિયાન કોઈપણ દેશને પોતાની ટેક્નોલોજી અને સુવિધાઓ આપવી કંપની માટે ખોટું છે.

દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલનો હુમલો

હિઝબુલ્લાહ ફિલ્ડ કમાન્ડર સહિત ત્રણ માર્યા ગયા

(એજન્સી)નવી દિલ્હી,

ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ છે. દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલના હુમલામાં હિઝબુલ્લાહ ફિલ્ડ કમાન્ડર સહિત ત્રણ લોકો માર્યા ગયા છે. લેબનીઝ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે અડધા વર્ષમાં એક સપ્તાહની શાંતિ બાદ ફરી હિંસામાં વધારો થયો છે.ઈઝરાયેલની સેનાએ કહ્યું કે દક્ષિણી શહેર આઈન એબેલ પાસે કાર પર થયેલા હુમલામાં માર્યા ગયેલા ઈસ્માઈલ બાઝ હિઝબુલ્લાહના તટીય વિસ્તારનો કમાન્ડર હતો અને ઈઝરાયેલ પર રોકેટ અને ટેન્ક વિરોધી મિસાઈલ હુમલાની યોજનામાં સામેલ હતો. હિઝબુલ્લાએ બાજના મૃત્યુ પર શોક વ્યક્ત કરતું નિવેદન બહાર પાડ્યું છે.રોઈટર્સના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી સૈન્ય દ્વારા મંગળવારે જાહેર કરાયેલા એક વીડિયોમાં ચાલતા વાહન પર હુમલાના એરિયલ ફૂટેજ દર્શાવવામાં આવ્યા છે. એક સુરક્ષા સ્ત્રોત અને નાગરિક સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે દક્ષિણી શહેર ચેહબિયાહ નજીક બે વાહનો પર અલગ-અલગ ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા બે હિઝબુલ્લાહ લડવૈયાઓ માર્યા ગયા હતા. તમને જણાવી દઈએ કે ૨૦૦૬માં મોટું યુદ્ધ લડ્યા બાદ હિઝબુલ્લાહ અને ઈઝરાયલે ગાઝા યુદ્ધની સમાંતર ગોળીબાર કર્યો હતો.તે જ સમયે, મધ્ય ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં બાળકો સહિત ૧૧ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓ અને હમાસે જણાવ્યું હતું કે હુમલો અલ-મગાઝી શરણાર્થી શિબિરને નિશાન બનાવ્યો હતો. હોસ્પિટલના શબઘરમાં તેના પુત્ર મોહમ્મદના મૃતદેહ પાસે બેઠેલા વફા ઈસા અલ-નૌરીએ રડતા રડતા કહ્યું કે મારો ભાઈ દરવાજે બેઠો હતો, મારો ભાઈ હુમલામાં ઘાયલ થયો હતો અને તેનો પિતરાઈ ભાઈ પણ ઘાયલ થયો હતો. મેં મારો પુત્ર ગુમાવ્યો, મારી પાસે ન તો ઘર છે કે ન તો પતિ. હવાઈ હુમલામાં અલ-નૌરીનો પતિ પણ માર્યો ગયો હતો. તેઓએ કહ્યું કે તે દરવાજા પાસે રમી રહ્યો હતો, અમે કંઈ કર્યું નથી.

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત

(એજન્સી)નવી દિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાનો પ્રચાર બુધવાર (૧૭ એપ્રિલ, ૨૦૨૪) સાંજે ૬ વાગ્યે સમાપ્ત થયો, જ્યારે દિવસ દરમિયાન તમામ મુખ્ય રાજકીય પક્ષોએ રેલી-રોડ શો, જનસભાઓ દ્વારા પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિવસ દરમિયાન આસામના નલબારી પહોંચ્યા, જ્યાં તેમણે એક રેલીમાં કહ્યું કે ૪ જૂને પરિણામ શું આવવાનું છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં લોકો કહે છે- ૪ જૂન, ૪૦૦ પાર! ફરી એકવાર મોદી સરકાર.

સવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને સપાના વડા અખિલેશ યાદવે દિલ્હીને અડીને આવેલા ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જે દરમિયાન તેઓએ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. આ સમય દરમિયાન, ઈન્ડિયા એલાયન્સ દ્વારા એક વીડિયો સોંગ પણ રિલીઝ કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૧૭ થી અત્યાર સુધી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીના એકસાથે વીડિયો અને ફોટા સામેલ છે. સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા હેઠળ, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૨૧ સ્થળોએ કુલ ૧૦૨ બેઠકો પર મતદાન થશે. આ સમયગાળા દરમિયાન અરુણાચલમાં બે, આસામમાં પાંચ, બિહારમાં ચાર, છત્તીસગઢમાં એક, મધ્યપ્રદેશમાં છ, મહારાષ્ટ્રમાં પાંચ, મણિપુરમાં બે, મેઘાલયમાં બે, મિઝોરમમાં એક, નાગાલેન્ડમાં એક, રાજસ્થાનમાં ૧૨, સિક્કિમમાં એક, તામિલનાડુમાં ૩૯, ત્રિપુરામાં એક, યુપીમાં આઠ, ઉત્તરાખંડમાં પાંચ, પશ્ચિમ બંગાળમાં ત્રણ, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં એક, જમ્મુ અને કાશ્મીરમાં એક, લક્ષદ્વીપમાં એક અને પુડુચેરીમાં એક બેઠક પર મતદાન થશે.

જલગાંવની કેમિકલ ફેક્ટરીમાં આગથી ૧૭ મજૂરના મોત

(એજન્સી)જલગાંવ,

મહારાષ્ટ્રના જલગાંવની એક કેમિકલ ફેક્ટરીમાં આગ લાગવાથી ૧૭ મજૂરના મોત નીપજ્યા. મળતી માહિતી અનુસાર ફેક્ટરીમાં હજુ પણ ઘણા મજૂર ફસાયેલા છે. આગ લાગવાથી મોટો ધડાકો થયો હતો. જે બાદ સમગ્ર ફેક્ટરીમાં આગ ફેલાઈ ગઈ. આગના કારણે ચારેબાજુ કાળા ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા. ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ગાડીઓ પહોંચી ગઈ અને આગ પર કાબૂ મેળવવાના પ્રયત્ન ચાલુ છે.

રામ લલાના કપાળ પર સૂર્યએ તિલક કર્યું

અવધમાં ઘણા દાયકા બાદ રામ નવમીની ભવ્ય ઉજવણી



(એજન્સી)અયોધ્યા,

૧૭ એપ્રિલના રોજ સમગ્ર દેશમાં ભગવાન રામની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ જન્મભૂમિ ખાતે ભગવાન રામની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યા ખાતે જાન્યુઆરીમાં આયોજિત ભવ્ય "પ્રાણ પ્રતિષ્ઠા" ઈવેન્ટ પછી પ્રથમવાર રામનવમીની ઉજવણી થઈ હતી. જે ઉજવણીના ભાગરૂપે 'સૂર્ય તિલક'ની એક અવકાશી ઘટના હાથ ધરવામાં આવી હતી, જેમાં થોડી મિનિટો માટે ભગવાન રામ લલ્લાના કપાળને પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

રામ નવમી નિમિત્તે બુધવારે વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થી ઉમટયા હતા. ઉત્સવના ભાગરૂપે ભગવાન રામને ૫૬ ભોગનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. 'સૂર્ય તિલક' દરમિયાન ભક્તોને રામ મંદિરની અંદર જવાની પરવાનગી આપવામાં આવી હતી. મંદિર ટ્રસ્ટે આશરે ૧૦૦ LED સ્થાપિત કર્યા છે, જ્યારે સરકારે ૫૦ની સ્થાપના કરી છે, જે તમામ રામ નવમીની ઉજવણીના પ્રદર્શન માટે મુકાયા હતા. રામનવમીના તહેવાર નિમિત્તે અયોધ્યામાં શ્રધ્ધાળુઓના મોટા ધસારાની અપેક્ષામાં, ઉત્તર પ્રદેશ સરકારે શહેરમાં અને તેની આસપાસ સુરક્ષાના કડક પગલાં અમલમાં મૂક્યા હતા.

અયોધ્યા રામ મંદિર ખાતે એક અનોખી પ્રથમવાર ઘટના બની હતી રામ નવમી નિમિત્તે બપોરના ૧૨:૦૦ વાગે ભગવાન રામના કપાળ પર સૂર્યના કિરણો જાણે અભિષેક કર્યો હોય તેમ દ્રશ્ય સર્જાયું હતું. રામ નવમીના અવસરે સૂર્ય તિલક તરીકે ઓળખાતા રામ લલ્લાની મૂર્તિના કપાળને સૂર્યપ્રકાશના કિરણથી અભિષેક કરવામાં આવ્યો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત, અગ્રણી સરકારી સંસ્થાના વૈજ્ઞાનિકોએ અરીસાઓ અને લેન્સનો સમાવેશ કરતું અત્યાધુનિક ઉપકરણ બનાવ્યું. આ મિકેનિઝમ, જેને સત્તાવાર રીતે 'સૂર્ય તિલક મિકેનિઝમ' તરીકે ઓળખવામાં આવે છે.

દેશભરના મંદિરો જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનોખી રીતે કર્યા દર્શન



(એજન્સી)નવી દિલ્હી,

સમગ્ર દેશમાં રામનવમીનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ભગવાન રામલલાનું સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું. જ્યારે રામ મંદિરમાં રામલલાનો સૂર્ય તિલક સમારોહ ચાલી રહ્યો હતો, ત્યારે પીએમ મોદી આસામના નલબારીમાં જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. પરંતુ જનસભાને સંબોધિત કર્યા પછી તરત જ પીએમ મોદીએ આ અદ્ભુત ક્ષણે રામલલાને પોતાના ટેબ દ્વારા દર્શન કર્યા હતા. પીએમ મોદીએ પોતે આ માહિતી અને ફોટો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરીને શેર કર્યો છે. ખાસ વાત એ છે કે, જ્યારે પીએમ મોદી રામ લલ્લાના સૂર્ય તિલકની અદ્ભુત ક્ષણ જોઈ રહ્યા હતા, ત્યારે તેમના પગમાં ચંપલ નહોતા. પીએમ મોદીએ રામલલાના દર્શન કરીને પ્રણામ કર્યા હતા. પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં કહ્યું કે, 'નલબારી સભા પછી મને અયોધ્યામાં રામલલાના સૂર્ય તિલકની અદ્ભુત અને અનોખી ક્ષણ જોવાનો સૌભાગ્ય મળ્યું છે. શ્રી રામ જન્મભૂમિની આ બહુપ્રતિક્ષિત ક્ષણ દરેક માટે આનંદની ક્ષણ છે.

બ્રિટિશ હાઈકોર્ટે ધાર્મિક પ્રાર્થના પરના પ્રતિબંધને યથાવત રાખ્યો

(એજન્સી)નવી દિલ્હી,

શાળાના પ્રિન્સિપાલ કેથરીને કોર્ટને જણાવ્યું હતું કે, 'જેમ કે સંચાલક મંડળ વાકેફ છે, શાળા વિવિધ કારણોસર વિદ્યાર્થીઓને પ્રાર્થના રૂમ પ્રદાન કરતી નથી. પ્રાર્થના ખંડ વિદ્યાર્થીઓમાં વિભાજનને પ્રોત્સાહન આપશે જે શાળાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે, શાળામાં જગ્યા અને સ્ટાફનો પણ અભાવ છે.' બ્રિટનમાં, લોકો ઘણીવાર ભારતીય મૂળની શાળાના પ્રિન્સિપાલ કેથરિન બિરબલ સિંઘને 'દેશની સૌથી કડક પ્રિન્સિપાલ' કહે છે. મંગળવારે, તેણે બ્રિટિશ હાઈકોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું જેણે ધાર્મિક પ્રાર્થના પરના પ્રતિબંધને યથાવત રાખ્યો છે. એક મુસ્લિમ વિદ્યાર્થીએ તેને ભેદભાવપૂર્ણ ગણાવીને કાયદાકીય પડકારની માંગ કરી હતી.વેમ્બલી, ઉત્તર લંડનમાં આવેલી 'સાંપ્રદાયિક' સંસ્થા માઈકેલા સ્કૂલે 'સમાવેશક વાતાવરણ'ને પ્રોત્સાહન આપવા માટે ધાર્મિક પ્રાર્થનાને મંજૂરી આપી ન હતી, એમ ઈન્ડો-ગુયાનીઝ પ્રિન્સિપાલ કેથરિન બિરબલસિંહે કોર્ટને જણાવ્યું હતું.

મને લાગે છે કે ભાજપને ૧૫૦ બેઠકો મળશે : રાહુલ ગાંધી

(એજન્સી)નવી દિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં પીએમ મોદી અને ભાજપના નેતૃત્વ હેઠળનું એનડીએ ગઠબંધન તથા ઈન્ડી એલાયન્સ ગઠબંધન વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે. આ વખતે મોદી સરકારના વિજયી રથને રોકવા માટે ઈન્ડી એલાયન્સ ના સહયોગી પક્ષોએ પણ કમર કસી લીધી છે. આ જ ક્રમમાં આજે ફરી એકવાર ઈન્ડી એલાયન્સ ના નેતાઓ દ્વારા એક સંયુક્ત પત્રકાર પરિષદ આયોજિત કરાઈ હતી. લોકસભા ચૂંટણીમાં એક તરફ ભાજપ દાવો કરી રહ્યું છે કે NDA ૪૦૦થી વધુ બેઠકો જીતશે. આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી સમયે બેઠકોની સંખ્યાને લઈને મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. તેમણે કહ્યું કે, આખા દેશમાં જબરદસ્ત અન્ડર કરંટ છે. હું બેઠકોની ભવિષ્યવાણી નથી કરતો. ૧૫-૨૦ દિવસ પહેલા હું વિચારતો હતો કે ભાજપને લગભગ ૧૮૦ બેઠકો મળશે, પરંતુ હવે મને લાગે છે કે તેમને ૧૫૦ બેઠકો મળશે. અમને તમામ રાજ્યથી રિપોર્ટ મળી રહ્યા છે અમે સુધારો કરી રહ્યા છીએ. ઉત્તરપ્રદેશમાં અમારું ગઠબંધન મજબૂત છે અને અમે ઘણું સારું પ્રદર્શન કરીશું.



કોમ્બો ઓફર્સ માં એક જ નામ

MAHESHWARI

Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals

DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ
(સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ
(કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ

SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ
(કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ

3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch

બુકીંગ પર લકી ડ્રો
માં એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.

પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.

PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614

NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7

BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

વેસ્ટર્ન ટાઈમ્સ ગુજરાતી આવૃત્તિના

આગળના પાના વાંચવા માટે

નીચેની લીંક પર ક્લિકકરો

વેસ્ટર્ન ટાઇમ્સ

To read the other pages of

Western Times English Edition

Click on the link below

Western Times

www.westerntimesnews.in

For any type of inquiry

079-26402880